# લાકડાં ચોરતી ટોળકી સામે તંત્રની લાલ આંખ : ૬ ટ્રક ઝડપી દંડ વસૂલ્યો


તલોદ, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વૃક્ષ છેદનની પ્રવૃત્તિએ જોર પકડયું છે. કોઈ પણ જાતની પરવાનગી વિના લીલાછમ તોતીંગ વૃક્ષોનું છેદન કરી તેના ટનબંધ લાકડાં ગેરકાયદેસર વેચી દઈ અમનચમન કરતા લોકો અને દલાલો બે રોકટોકપણે ધંધો ધીકતો રાખી રહ્યા છે. આ અક્ષમ્ય બદી ઉપર નિયંત્રણ લાદવા તલોદ મામલતદાર એમ.કે. પ્રજાપતિએ ભારે જહેમત ઉઠાવી તોતીંગ વૃક્ષોનું છેદન કરી સો મીલોમાં લાકડાં વેચવા જતા વાહનોને મુદ્દામાલ સાથે ઝડપી લઈ હજારો રૂપિયાનો દંડ ફટકારતાં હાલ તો વૃક્ષ છેદનની પ્રવૃત્તિમાં ઓતપ્રોત એવા તત્વોમાં ફફડાટની લાગણી ઉદભવી છે. જો કે હવે તેવા તત્વોએ લાકડાં વેચી મારવા સો મીલોમાં લાકડા પહોંચાડવાનો સમય મોડી રાતનો કે વહેલી સવારનો કરી દઈને કેટલાક લોકોએ પોતાની મનમાની જારી રાખેલ છે.



તલોદ મામલતદારે આવા ગેરકાયદેસર લાકડાં ભરી જતા કુલ ૬ વાહનો આ સપ્તાહમાં ઝડપી લઈ કુલ રૂ. ૨૯૦૦૦નો દંડ વસુલ કરેલ છે. તે જ રીતે રોયલ્ટીની ચોરી કરી જતા કાળી કપચી ભરેલા ૨ ટ્રેકટરને પણ ઝડપી લઈ કુલ રૂ. ૨૦૦૦૦નો દંડ ફટકારેલ છે.

આજ રોજ તલોદ મામલતદાર એમ.કે. પ્રજાપતિની ટીમે લાકડાં ભરેલા ૨ ટ્રેકટર, ૧-૪૦૭ મિની ટ્રક, ૧-૬૦૩ મિની ટ્રક અને ૧ લોડીંગ ટ્રકને ઝડપી લઈ રૂ. ૨૪૦૦૦નો દંડ કર્યો હતો. તે જ રીતે ગત રોજ હરસોલ ચાર રસ્તા નજીકથી ૧-૪૦૭ મિની ટ્રકને ઝડપી લઈ રૂ. ૫૦૦૦ દંડ ફટકાર્યો હતો. આ તમામ વાહનોમાં વૃક્ષછેદન કરનારા તત્વો લાકડાં ભરીને ગેરકાયદેસર વેચાણ માટે લઈ જતા હતાં.



(તસવીર : દશરથ વણઝારા)

ઉલ્લેખનીય છે કે જિલ્લા અને તાલુકાનું વનવિભાગનું તંત્ર આ વૃક્ષછેદનની ગેરકાયેદસર પ્રવૃત્તિ સામે 'આંખ આડા કાન'ની નિતિ અખત્યાર કરતું હોવાનું ભાસી રહ્યું છે. એક તરફ વૃક્ષારોપણ માટે સરકાર મસમોટા કાર્યક્રમો કરી લાખો રૂપિયાનો ધૂમાડો કરે છે તો બીજી તરફ દાયકાઓ જૂના અને અડીખમ એવા વૃક્ષોને દિન રાત કાપી નાખી વેચી દેવામાં કેટલાક લોકો મચી પડયા છે.

વૃક્ષ છેદનની પ્રવૃત્તિ અને ગેરકાયદેસર લાકડાં વેચી મારવાની પ્રવૃત્તિ ઉપર લગામ લગાવવા કાયદાનો કોરડો અસરકારક રીતે વિંઝાતો નથી તો કયાંક કટકી કૌભાંડ આ વૃત્તિને પોષણ આપી રહ્યું હોવાનું પણ જાણવા મળે છે. વૃક્ષોના આ હત્યારાઓ માટે કડક કાયદો ઘડાય અને તેનો અમલ થાય તે સમયની માંગ છે.

# સમાચાર ઝલક

- અમૂલ આ વર્ષે દૂધની કિંમત નહીં વધારે.
- વીજ કટોકટીના કારણે ઉત્તરપ્રદેશમાં ૭ વાગ્યા બાદ મોલ, બજાર બંધ રહેશે.
- જર-જમીન, અને જોરૂ ત્રણે કજિયાના છોરૂ : જમીન આંચકી લેવાની સંદર્ભે બહેન-બનેવીએ ભાઇને બાંધી રેલ્વે ટ્રેક પર ફેંકી દીધો, ભીલડી સ્ટેશનનો બનાવ.
- ધોરણ-૧નાં પુસ્તકમાં ટાઇટલ પર હીરો-હીરોઇનના કાર્ટૂન જોતાં વાલીઓ ચોંકી ઊઠ્યા, બનાસકાંઠામાં શાળા પ્રવેશોત્વસ વખતે બનેલો બનાવ.
- રાજકોટ-ભાવનગર હાઇવે પર સરઘાટ પાસે અકસ્માત, લુહાર પરિવારનાં ૮નાં મોત.
- ખોટું બોલીને રજા રાખવામાં ચીનના લોકો પહેલા અને ભારતીયો બીજા ક્રમે.
- સાંસદોએ ટેલિફોન બીલનાં ૭ કરોડ રૂપિયા ચૂકવ્યા નથી.
- અષાઢી બીજે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી માંડવીના દરિયા કિનારે કચ્છી નવું વરસ ઉજવશે.
- પોરબંદર એન્કાઉન્ટર કેસની સીટની તપાસ સામે સુપ્રિમનો સ્ટે.
- તા. ૧૪મી જાન્યુઆરીથી કુંભ મેળો શરૂ થશે. ૧૦મી માર્ચ સુધી એટલે કે ૫૬ દિવસ સુધી ચાલશે.
- ઉનામાં મૃત્યુ પામેલા વયોવૃધ્ધ પત્રકારને ત્રણ માસ બાદ પાસપોર્ટ ઇસ્યુ થતાં ચકચાર.
- ગુજરાત રાજયના કર્મચારીઓ પડતર પ્રશ્ને હવે લડી લેવાનાં મૂડમાં.
- વડોદરા જિલ્લાના ઉંટિયા કાઝાપુરના ખેડૂત અજિતસિંહના ખેતરમાં બારમાસી આંબો છે, બારેમાસ કેરી ખાવા મળી શકે છે.

# ધોળેશ્વરના બંધ મકાનમાં ચોરી ૨.૪૬ લાખની મત્તાનો સફાયો

## બેડરૂમની બારીની ગ્રીલ તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા

ગાંધીનગર, તા. ૧૯

ધોળેશ્વર ખાતે સ્થિત શિવ આશિષ સોસાયટીમાં બંધ મકાનના બેડરૂમની બારીની ગ્રીલ તોડી ચોર-ઈસમોએ સોના-ચાંદીના દાગીના સહિત રૂ. ૨.૪૬ લાખની મત્તાનો સફાયો કર્યો હોવાની ફરિયાદ સે. ૭ પોલીસમથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગાંધીનગર ખાતે ધોળેશ્વર ખાતે શિવ આશિષ સોસાયટીમાં રહેતા ચંદકુમાર બાલનપતસિંહ યાદવ અડાલજ યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે.

ગત તા. ૪ જૂનના રોજ તેઓ તેમના પરિવાર સાથે ઝારખંડ ગયા હતા. આ દરમિયાન જાણભેદુ ચોર ઈસમો તેમના બંધ મકાનમાં બેડરૂમની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ્યા હતા. ચોર ઈસમોએ ઘરની અંદરનો સામાન ફંફોસી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રૂ. ૨.૪૬ લાખની મત્તાની ચોરી કરી હતી. જ્યારે ગઈકાલે મકાન માલિક પરત આવતા તેમને બનાવની જાણ થતા તેમણે આ અંગે સે. ૭ પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે. સેકન્ડ પી.આઈ. એસ.કે. રહેવરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણસામાં લાયસન્સ વગરના બે સાયબર કાફે વિરૂદ્ધ ગુનો

## એસ.ઓ.જી.એ દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૯

માણસામાં એસ.ઓ.જી. પોલીસે લાયસન્સ વગર ચાલતા બે સાયબર કાફેના સંચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માણસામાં લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે ધમધમતા સાયબર કાફે સામે પોલીસતંત્રએ લાલ આંખ કરી છે. એસ.ઓ.જી. પોલીસના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. જે. સોલંકી, જમાદાર હિંમતસિંહ, દિલિપસિંહ, ગૌતમભાઈ તેમજ વિરેન્દ્રસિંહે ગઈકાલે સાંજે માણસા ખાતે સાયબર કાફેની તપાસ હાથ ધરી હતી.

આ દરમિયાન સનસાઈન સાઈબર કાફે તેમજ વેટ સાયબર કાફે લાયસન્સ વગર કાર્યરત હોવાનું ધ્યાને આવતા પોલીસે આ બન્ને સાયબર કાફેના સંચાલક મનીષ દિલીપભાઈ પટેલ તેમજ મહેન્દ્ર ચંદુલાલ શર્મા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લામાં વગર લાયસન્સે ધમધમતા સાયબર કાફેમાં એસ.ઓ.જી.એ દરોડા શરૂ કરતા અન્ય સંચાલકોમાં પણ ફફડાટ પ્રવર્તો છે. આ બન્ને કેસમાં પોલીસે જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૪૭૬૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ■ | | ■ | |
| ૮ | | ■ | ૯ | ૧૦ | | | ■ |
| | ■ | ૧૧ | | | | ■ | ૧૨ |
| ૧૩ | ૧૪ | | ■ | ■ | ■ | ૧૫ | |
| ■ | | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | ■ | ■ |
| ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | | ■ | ૨૨ |
| ■ | ૨૩ | | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. વિશેષતા, સ્પેશિયાલીટી (૪)
૫. ચબરાક, ચાલાક (૩)
૭. ધૃણા (૪)
૮. રાહ, પથ (૨)
૯. ખાસુ, પડખુ (૪)
૧૧. મકાન તૂટ્યાનો ભંગાર (૪)
૧૩. જલ્દીથી રીસાઇ જાય તેવું (૩)
૧૫. વજનનું માપ (૨)
૧૬. ટીખળી, ધમાલીયું (૩)
૧૯. કંકાશ, કકળાટ (૩)
૨૧. લપીયું,.... કરે તેવું (૨)
૨૩. દાસ, સેવક (૩)
૨૪. શ્રી રામનો મદદ કરનાર ગીધરાજ... (૩)

### ઊભી ચાવી

૧. આગતા સ્વાગતા (૫)
૨. પ્રથા, પ્રણાલી (૩)
૩. આકાશનો અંગ્રેજી શબ્દ સ્કાય થાય પણ અહીં 'સ્કાય' ઊંધું છે (૨)
૪. પ્રપંચ, કાવતરૂ (૪)
૫. દેશને સ્વતંત્ર કરાવવા થયેલ લડાઇ (૪)
૬. કેન્સલ (૨)
૧૦. દેવી પાર્વતીનું એક નામ (૨)
૧૧. સમય (૨)
૧૨. લાફો મારી... લાલ રાખવો (૨)
૧૪. સમાજને લગતું (૪)
૧૭. પાકનો જથ્થો (૨)
૧૮. ઉપજ (૩)
૨૦. હિન્દુ માન્યતા મુજબ મનુષ્ય ૮૪ લાખ... માં જન્મ લે છે (૨)
૨૨. પ્રકૃતિના પાંચ તત્ત્વોમાંનું એક તત્ત્વ (૨)

### શબ્દાવલી ૪૭૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) શંભુમેળો (૩) ગરાસ (૬) પતજડ (૭) શીતલા (૮) અવિભાજ્ય (૧૦) પરાસ્ત (૧૩) પરત (૧૪) સભાનતા (૧૫) નાવ (૧૬) અગર (૧૭) રોશનદાન (૧૮) ધામ

**ઊભી ચાવી :-** (૧) શંકાશીલ (૨) મેખલા (૩) ગત (૪) રાજ (૫) સડક (૬) પદવિ (૮) અસ્ત (૯) ભારોભાર (૧૦) પરવશ (૧૧) રાત (૧૨) ગતાગમ (૧૩) પનારો (૧૪) સગન (૧૬) અદા

# હિંમતનગરમાં યુવક કોંગ્રેસે રાહુલ ગાંધીની વર્ષગાંઠ ઉજવી

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીના ૪૧માં જન્મદિન નિમિત્તે હિંમતનગર ખાતે કેક કાપી અને ફળાઉ રોપાઓનું વિતરણ કરી ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના મહામંત્રી રાહુલ ગાંધીના ૪૧મા જન્મ પ્રસંગે હિંમતનગરના ટાવરચોક ખાતે રાજસ્થાન સરકારના સંસદીય સચિવ જાહેદાખાન, જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, યુવરાજસિંહ રાઠોડ, મહિલા પ્રમુખ નિર્મલાબેન પંચાલ, ફારૂક ખણુસીયા સહિત યુથ કોંગ્રેસના કાર્યકરોની ઉપસ્થિતિમાં જન્મદિનની શુભેચ્છા સાથે કેક કાપવામાં આવી હતી તથા યુવક કોંગ્રેસના સભ્યો કૃપલ રાવલ, મુદસર વિજાપુરા, ઉત્તમ રાઠોડ, અજય રહેવર, ઈમરાન દાવડા, જીતુ બરેડા, કુમાર ભાટ, સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ માર્ગમાં આવતા જતા સર્વેને ફળાઉ રોપાઓનું વિતરણ કર્યું હતું.

# અધ્યાપક મહામંડળના પડતર પ્રશ્નો સંદર્ભ શિક્ષણ મંત્રી નિયત સમયે બેઠક યોજશે

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના મહામંત્રી ડૉ. જે.એસ. પ્રજાપતિએ જણાવ્યું છે કે, ગતરોજ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી રમણલાલ વોરાને કોલેજ સંચાલક મંડળ, કોલેજ આચાર્ય મંડળ, અધ્યાપક મહામંડળ અને વહીવટી કર્મચારી મંડળના પ્રમુખ અને મહામંત્રીઓએ મંડળોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે નાણા અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે પૂર્ણકાલીન બેઠક ગોઠવવા માટે રજૂઆત કરી હતી.

શિક્ષણ મંત્રી રમણલાલ વોરાએ મંડળના પડતર પ્રશ્નો અંગેની રજૂઆતનો યોગ્ય પ્રતિસાદ આપ્યો હતો અને દરેક મંડળના પદાધિકારીઓ સાથે પ્રશ્નોના ઉકેલ માટે અલગ અલગ બેઠક ગોઠવવા સૂચના આપી હતી. વધુમાં તેમણે પ્રતિનિધિ મંડળને ૧૫ દિવસમાં બેઠક ગોઠવવાનું જણાવ્યું હતું. પ્રતિનિધિ મંડળમાં ડૉ. ભાલચંદ્ર, ડૉ. જે.એસ. પ્રજાપતિ, ડૉ. દિગ્વીજયસિંહ અને રમેશભાઈ ચૌધરી પણ સાથે જોડાયા હતા.

# ખરીફ પાકોનું ૪૪૬૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર સૌથી વધુ કપાસનું ૨૪૩૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહ દરમ્યાન છુટોછવાયો વરસાદ થતાં આ વર્ષે અત્યાર સુધીમાં ૪૪૬૧ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર થવા પામ્યું છે. જેમાં સૌથી વધુ કપાસનું ૨૪૩૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

રાજ્યના કુલ સરેરાશ ૮૭૯૭૮ હેક્ટર વાવેતર વિસ્તાર છે જેની સામે ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૫૮૬૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું જેની સરખામણીએ આ વર્ષે આ સમયગાળા દરમ્યાન ૪૪૬૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જો કે ગત વર્ષ કરતાં ઓછું વાવેતર થયું છે.

રાજ્યમાં આ વર્ષે આ સમયગાળા દરમ્યાન અત્યાર સુધીમાં ખરીફ ધાન્ય પાકોનું ૧૨૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જેમાં ડાંગરનું ૪ હેક્ટરમાં બાજરીનું ૧૮ હેક્ટરમાં જુવારનું પાંચ હેક્ટરમાં મકાઈનું ૯૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

ખરીફ કઠોળ પાકોમાં તુવેરનું ૧૧ હેક્ટરમાં અડદ અને અન્ય કઠોળનું ૧-૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. કઠોળ પાકોના વાવેતર માટે જરૂરી વરસાદ ન થતાં ખએડૂતોએ કઠોળ પાકોનું વાવેતર હજુ પૂરજોશમાં શરૂ કર્યું નથી.

તેલીબીયા પાકોના વાવેતર પર જો એક નજર નાંખીએ તો આ વર્ષે આ સમયગાળા દરમ્યાન ૧૨૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે જો કે ગત વર્ષ કરતાં ૫૦ ટકા ઓછુ વાવેતર થયું છે. તેલીબીયા પાકોમાં સૌથી વધુ મગફળીનું ૧૨૫૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે. સરેરાશ ૧૫૮૮૨ હેક્ટર સામે આ વર્ષે ૧૨૫૪ હેક્ટરમાં વાવેતર થયું છે.

અન્ય કરીફ પાકોમાં આ વર્ષે સૌથી વધુ વાવેતર કપાસનું ૨૩૪૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે. કપાસના સરેરાશ ૨૭૪૬૭ હેક્ટર વાવેતર વિસ્તાર સામે ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૩૨૬૩ હેક્ટર સામે આ વર્ષે ૨૪૩૦ હેક્ટરમાં કપાસનું વાવેતર થયું છે જે ૯ ટકા જેલુ થવા પામ્યું છે.

આ ઉપરાંત ગુવાર સીડનું ૭૫ હેક્ટરમાં શાકભાજીનું ૨૮૨ હેક્ટર વિસ્તારમાં ઘાસચારાનું ૨૫૮ હેક્ટર વિસ્તારમાં આમ કુલ અન્ય પાકોનું ૩૦૪૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

ચોમાસાનો વિધિવત રાજ્યમાં પ્રારંભ થશે એટલે ગુજરાતમાં ખરીફ પાકનું વાવેતર વધશે.

# નગરપાલિકા પેટાચૂંટણીમાં ૧૨ બેઠકો પૈકી ૯ ભાજપે કબજે કરી

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ યાદીમાં જણાવ્યું છે કે ગુજરાતના જુદા જુદા ૬ જિલ્લાની ૯ નગરપાલિકાની ૧૨ બેઠકોની ૧૭જૂનના રોજ યોજાયેલી ચૂંટણીના આજરોજ જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ૯ બેઠકો પર વિજય મેળવી ઝળહળતા વિજયની પરંપરા જાળવી રાખી છે અને કોંગ્રેસને ફરી એકવાર પછડાટ આપી છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની ભાજપા સરકારના વિકાસલક્ષી, જનકલ્યાણલક્ષી કાર્યોને નગરપાલિકાના મતદારોએ સ્વીકૃતિ આપી છે અને કોંગ્રેસના ઝેર ઓકતા આગેવાનોને પોતાના જ વિસ્તારમાં પછડાટ આપી છે. નગપપાલિકાની ચૂંટણીના આજના પરિણામે એ સ્પષ્ટ કરી દીધુ છે કે ગુજરાતના મતદારો કેન્દ્રની કોંગ્રેસ સરકાર તરફથી ગુજરાતને કરાતા અન્યાયો સાખી લેવાના નથી તેનો વધુ ઉગ્રતાથી આગામી દિવસોમાં મુકાબલો કરનાર છે.

'સૌનો સાથ-સૌનો વિકાસ'ની ઉમદા કાર્યપ્રણાલી સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે તેને ગુજરા, દેશ અને દુનિયામાં વિવિધ પ્રકારના ભ્રમ ફેલાવી બદનામ કરનારા લોકોને નગરપાલિકાના પરિણામે જવાબ આપવાનું કામ કર્યું છે. કોંગ્રેસના નેતા કુંવરજી બાવળીયાના મતક્ષેત્ર જસદણ નગરપાલિકામાં ૪ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં ૪ પૈકી ૩ બેઠકો ભારતીય જનતા પાર્ટીએ આંચકી લઈ કોંગ્રેસને પછડાટ આપી છે. ગોંડલ નગરપાલિકામાં કોંગ્રેસ ત્રીજા નંબર પર રહી છે.

## વિકાસની દિશા હવે ગામડા તરફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આ બન્ને વિસ્તારોમાં બાકી અરજીઓનું પ્રમાણ ૫૬ છે.

અરજીઓની સ્થિતિ અંગે અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ૨૦૦૮-૦૯માં મળેલી કુલ ૬૩૬ અરજીઓ પૈકી ૫૦૦ મંજૂર કરવામાં આવી છે અને ૬૯ નામંજૂર થઈ છે, જ્યારે બાકી અરજીનું પ્રમાણ ૪૦ થવા જાય છે.

નોંધપાત્ર બાબત એવી છે કે શહેરી વિસ્તારમાં વ્યાપારીક, શૈક્ષણિક અને સખાવતી હેતુ માટે એકપણ ચોરસ મીટર જમીનની માગણી કરવામાં આવી નથી, જ્યારે પંચાયત ક્ષેત્રના વિસ્તારમાં વિવિધ હેતુ માટે ૨૪.૬૮ લાખ ચોરસ મીટર જમીન માગવામાં આવી છે જેમાં વ્યાપારીક હેતુ માટે ૨.૦૮ લાખ ચોરસ મીટર અને શૈક્ષણિક હેતુ માટે ૧.૬૫ લાખ ચોરસ મીટર જમીન છૂટી કરવામાં આવી છે.

## વાકયુદ્ધ ખેલાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ ભાજપ સ્ટેન્ડીંગ કમિટીની દરેક બેઠકમાં સફાઈ તંત્રની નિષ્ફળતા અંગે થતી ચર્ચાઓ તેમજ શહેરમાં વધતા જતા મેલેરિયા-કમળાના કેસોની વિગતો રજુ કરશે તેમ જાણવા મળેલ છે. સફાઈના મુદ્દે તંત્રની નિષ્ફળતાઓને છતી કરવાની સાથે સફાઈ વેરો નાબુદ કરવાની માંગ પણ બુલંદ રીતે રજુ કરવાની વ્યુહરચના ભાજપે તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

રથયાત્રા પૂર્વે બંને રાજકીય પક્ષોની આક્રમક રણનીતિ વચ્ચે આજે મળનારી બેઠક ઉગ્ર બને તેવી પુરેપુરી શકયતાઓ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.


## કંપની સમાચાર

### સિંગાપુરમાં ભણવાની ઉત્તમ તક

કે.સી. મેનેજમેન્ટ (વિદેશી શિક્ષણ કન્સલ્ટન્ટ) હવેથી સિંગાપુર એજ્યુકેશન સેન્ટર તરીકે ઓળખાશે. કે.સી. મેનેજમેન્ટની શરૂઆત જાન્યુઆરી-૨૦૦૫માં થઈ હતી જેનો ઝડપી વિકાસ આજે પણ ચાલુ છે. અમે ગુજરાતની પ્રજાનો વિશ્વાસ જીતી લીધો છે. અમે યુ.કે., યુ.એસ.એ., કેનેડા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, યુરોપ વગેરેને લગતું કામકાજ ચાલુ જ છે પણ વર્તમાન સમયમાં આ દેશોમાં સ્ટુડન્ટ વિઝાની પ્રક્રિયા ખુબજ જટિલ બની ગઈ છે. આથી હવે અમે સિંગાપુર સ્ટુડન્ટ વિઝાનું પ્રતિનિધિત્વ પણ કરી રહ્યા છીએ તેમજ નવેમ્બર ૨૦૦૮ થી અમે આ સિંગાપુર સ્ટુડન્ટ વિઝા કન્સેપ્ટ શરૂ કર્યો છે જે અત્યંત સફળ નીવડ્યો છે. નવેમ્બર ૨૦૦૯ થી આજ સુધીમાં અમે ૩૦૦ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક સિંગાપુરની વિવિધ કોલેજોમાં પહોંચાડી ચુક્યા છીએ.

કે.સી. મેનેજમેન્ટ અમદાવાદ શહેર વિસ્તારમાં ૪૧૭, ઈસ્કોન સેન્ટર, શિવરંજની ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ, ગુજરાત ખાતે સ્થિત છે. અત્યારે સિંગાપુર દેશ તેજી અનુભવી રહ્યો છે અને મોટાભાગના સંભવિત વિદ્યાર્થીઓ સિંગાપુરમાં અભ્યાસ તરફ વળી રહ્યા છે. કારણ કે, સિંગાપુર વ્યાપાર, નાણા અને શિક્ષણનું કેન્દ્ર બની ચુક્યું છે. સ્ટુડન્ટ વિઝાની પ્રક્રિયા ખૂબજ સરળ છે જેમાં વિદ્યાર્થીઓને માત્ર પાસપોર્ટ, ફોટા, શિક્ષણ દસ્તાવેજો, ૧ દિવસનું બેંક બેલેન્સ તેમજ અનુભવ પત્ર (જો હોય તો જ) રજુ કરવાના હોય છે.

સ્કેન કોપી અને ઈમેલ દ્વારા મોકલીને માત્ર ૨-૪ અઠવાડિયાની સ્ટુડન્ટ વિઝાની મંજુરી ઈમીગ્રેશન એન્ડ ચેક પોસ્ટ ઓથોરીટી (આઈ.સી.એ.) એટલે કે સિંગાપુર ઈમિગ્રેશન ઓથોરીટી દ્વારા અપાશે. આ સ્ટુડન્ટ વિઝા ૨ મહિનાની મંજુરી ધરાવતો ઈ-વિઝા છે જેના પછી વિદ્યાર્થીઓએ ટ્યુશન ફી ભરવાની હોય છે અને બાદમાં વિદ્યાર્થીઓ આ ઈ-વિઝા સાથે પ્રવેશ કરી શકશે. અમે આ સંપૂર્ણ વિઝા પ્રક્રિયા વિષે આપને માહિતગાર પણ કરીશું.

એકવાર અમને પાસપોર્ટ, ફોટા, શિક્ષણ દસ્તાવેજો, અનુભવ પત્ર વગેરે પ્રાપ્ત થશે પછી અમે કોલેજમાં આ દસ્તાવેજો ઈમેલ દ્વારા મોકલીશું. બાદમાં કોલેજ અમને શરતી ઓફર લેટર મોકલશે. વિદ્યાર્થી રજીસ્ટ્રેશન ખર્ચ કોલેજમાં જમા કરે એટલે કોલેજ આઈ.સી.એ.માં તે અરજી સુપ્રત કરશે અને ૪-૮ અઠવાડિયામાં આઈ.સી.એ. દ્વારા વિઝાની મંજુરી અપાશે અને તે ઈ-વિઝા પર વિદ્યાર્થી સિંગાપુર જઈ શકશે. સિંગાપુરમાં હોટેલ મેનેજમેન્ટ કોર્સ માટે ૬ મહિના અભ્યાસ અને ૬ મહિનાની પેઈડ ઈન્ટર્નશીપના વિકલ્પ પણ છે જેથી વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે ત્યાં કામ પણ કરી શકે.